TuftsMedicine

# નાણાકીય સહાય નીતિ
## સાદી ભાષામાં સારાંશ

## નાણાકીય સહાય કરવામાં આવે છે

ટફ્ટ્સ મેડિસિન (Tufts Medicine) દરેક દર્દી માટે શ્રેષ્ઠ સેવા પૂરી પાડવામાં ગર્વ અનુભવે છે. ટફ્ટ્સ મેડિસિન ઈમરજંસી માં અને જરૂરી તબીબી સંભાળ માટે ચૂકવણી કરવામાં અસમર્થ એવા દર્દીઓને નાણાકીય સહાય કરે છે.

### શું હું આને પાત્ર છું?

જે દર્દીઓ સક્ષમ છે તેઓ પાસેથી ટફ્ટ્સ મેડિસિન ની સંસ્થાઓમાં પ્રાપ્ત કરેલી સેવાઓ માટે ચૂકવણી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો કે, નાણાકીય સહાય તમારા માટે ઉપલબ્ધ છે અને તે એક કરતા વધારે પરિબળો પર આધારિત હોય છે, જેમાંથી અમુક આ મુજબ છે: વીમા કવરેજ, આવક (નાણાકીય સહાયની રકમ નક્કી કરવા માટે ફેડરલ ગરીબી સ્તરની માર્ગદર્શિકા વપરાય છે), કુટુંબનું ના સભ્યો ની સંખ્યા, સંપત્તિ, રહેઠાણ અને અન્ય તબીબી બિલ.

- વીમા વગરના અને ઓછા વીમા ધરાવતા દર્દીઓને નાણાકીય સહાય આપવામાં આવે છે. શુલ્ક ચૂકવવાની દર્દીની ક્ષમતાના આધારે આંશિક અથવા સંપૂર્ણ નાણાકીય સહાય આપવામાં આવશે.
- દર્દીઓએ અરજી પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે જેમાં ટેક્સ રિટર્ન, બેંક સ્ટેટમેન્ટ અને પે સ્ટબ સબમિટ કરવા તેમજ મેડીકેઈડ અથવા અન્ય ફેડરલ પ્રોગ્રામ્સ સહિત સહાયના તમામ ઉપલબ્ધ સ્ત્રોતો માટે અરજી પ્રક્રિયા પૂર્ણ કરવી, જેવી બાબતો નો સમાવેશ થાય છે.

### હું અરજી કેવી રીતે કરી શકું?

જો તમે ચૂકવણી કરવામાં અસમર્થ છો, તો અમારી વેબસાઇટ tuftsmedicalcenter.org/financialassistance પર જઈને તમે ઉપલબ્ધ નાણાકીય સહાય કાર્યક્રમો વિશે ની માહિતી જોઈ શકો છો, અને તેને ડાઉનલોડ અને પ્રિન્ટ કરી શકો છો. ટફ્ટ્સ મેડિસિન નાણાકીય સહાય નીતિ અને અરજી (એપ્લિકેશન) અમારી વેબસાઇટ પર તેમજ નાણાકીય સંકલન દ્વારા વિના મુલ્યે ઉપલબ્ધ છે. તમે એને મેઇલ દ્વારા મેળવવાની વિનંતી કરી શકો છો.

### નિષેધ

આ નીતિ માત્ર ટફ્ટ્સ મેડિસિન સંસ્થાઓમાં આપવામાં આવતી જરૂરી તબીબી સેવાઓને જ લાગુ પડે છે. તે ટફ્ટ્સ મેડિસિન દ્વારા કાર્યરત ન હોય એવા સ્વતંત્ર ચિકિત્સકો અથવા પ્રેક્ટિશનરો દ્વારા આપવામાં આવતી સેવાઓ માટે લાગુ પડતી નથી. આમાં એનેસ્થેસિયોલોજિસ્ટ, રેડિયોલોજીસ્ટ અને પેથોલોજીસ્ટનો સમાવેશ થાય છે પરંતુ તે યાદી આ સુધી જ મર્યાદિત નથી.

### અન્ય

નાણાકીય સહાય લેવા પાત્ર એવી કોઈપણ વ્યક્તિ પાસે થી ઈમરજન્સી અથવા અન્ય જરૂરી તબીબી સંભાળ માટે સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ કરતાં વધુ ચાર્જ લેવામાં આવશે નહીં.

## અંગ્રેજી ન બોલનારા માટે

財務補助文件亦有中文翻譯版。

Os documentos de Assistência Financeira estão disponíveis no idioma português.

Документы о финансовой помощи имеются на русском языке.

Hay traducciones de los documentos de Asistencia Financiera disponibles en español.

Cac bản dịch thuật tai liệu về Hỗ trợ Tai chinh co sẵn bằng Tiếng Việt.

તમે આ ત્રણમાંથી કોઈપણ નાણાકીય સંકલન વિભાગનો ટેલિફોન દ્વારા અથવા રૂબરૂમાં સંપર્ક કરી શકો છો:

- ટફ્ટ્સ મેડિકલ સેન્ટર
  બ્યુવેન્ડ બિલ્ડીંગ, પ્રથમ માળ, 260 ટ્રેમોન્ટ સ્ટ્રીટ, બોસ્ટન, MA 02111
  T 978.937.6700

- ટફ્ટ્સ મેડિકલ સેન્ટર
  પ્રોજર બિલ્ડીંગ, પ્રથમ માળ, 800 વોશિંગ્ટન સ્ટ્રીટ, બોસ્ટન, MA 02111
  T 978.937.6700

- લોવેલ જનરલ હોસ્પિટલ
  દાહોદ બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, 295 વર્નુમ એવન્યુ, લોવેલ, MA 01854
  T 978-937-6700

- લોવેલ જનરલ હોસ્પિટલ સૈન્ટ્સ કેમ્પસ
  ગ્રાઉન્ડ ફ્લોર, 1 હોસ્પિટલ ડ્રાઇવ, લોવેલ, MA 01852
  T 978-937-6700

- મેલરોઝ વેકફિલ્ડ હોસ્પિટલ
  પોર્ટર સ્ટ્રીટ, પ્રથમ માળ, 585 લેબનોન સ્ટ્રીટ, મેલરોઝ, MA 02176
  T 978-937-6700

- લોરેન્સ મેમોરિયલ હોસ્પિટલ
  અર્જન્ટ કેર પાસે ગ્રાઉન્ડ ફ્લોર, 170 ગવર્નર્સ એવન્યુ, મેડફોર્ડ, MA 02155
  T 978-937-6700